બીન સરકારી માધ્યમિક શાળાનો બીન શૈક્ષણિક કર્મચારીઓની જગ્યાઓ બઢતીથી ભરવા દેવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ-૧૩૯૪-૩૬૪(૯૭)ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦-૧૦-૯૯

વંચાણમાં લીધા :-(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૭૯ના ઠરાવ ક્રમાંક : જીએસી-૧૦૭૯-૨૯૧૪૦-ગ

(૨) શિક્ષણ વિભાગનો તા. ૨૦-૨-૮૦નો ઠરાવ ક્રમાંક: જીએસી-૧૦૭૯-૧૦૮૫૮-ગ

(૩) શિક્ષણ વિભાગના તા. ૮-૩-૮૨નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૮૦-૧૧૧૮૬-ગ

(૪) નાણાં વિભાગનો તા. ૯-૯-૯૮નો ઠરાવ ક્રમાંક : ખરચ-૧૦૯૮-૭૪૦(૫૮)ઝ.૧

(૫) સા.વ.વિ.ના તા. ૬-૧૨-૮૫ના જાહેર નામા ક્રમાંક : જીએસ-૭૫-૬૪-જીઆરઆર-૧૧૮૫-૪૨૩૦-ગ.૨

(૬) શિક્ષણ વિભાગના તા. ૨૨-૨-૯૯નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૯૪-૩૬૪(૯૭)-ગ

(૭) ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદ્દેદારો સાથે તા.૨૮-૬-૯૮ના રોજ થયેલ સમાધાનની કાર્યવાહી નોંધ

(૮) શિક્ષણ વિભાગનો તા. ૭-૬-૯૯નો સુધારા ઠરાવ ક્રમાંક:બમશ-૧૩૯૪-૩ (૯૭)-ગ

ઠ રા વ

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદ્દેદારો સાથે તા. ૨૮-૬-૯૮ના રોજ થયેલ સમાધાનના સંદર્ભમાં ઉપર સંદર્ભ-(૬)માં જણાવેલ આ વિભાગના તા. ૨૨-૨-૯૯ના ઠરાવથી બીન સરકારી માધ્યમિક શાળાના બીન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ અને પેટર્ન વિધાર્થી સંખ્યાને આધારે સુધારીને રાખવાનું નિયત કરવામાં આવેલ છે. તે મુજબ નાણાં વિભાગના સંદર્ભ-(૪)માં જણાવેલા તા. ૯-૯-૯૮ના કરકસરના ઠરાવની જોગવાઇઓમાંથી તેઓના સંવર્ગના કર્મચારીઓને બઢતી માટે ખાસ કિસ્સામાં છૂટછાટ આપી બઢતીની તકો ઉભી કરવાની અને તે મુજબ કર્મચારીઓને બઢતી આપવા માટે ગુજરાત રાજ્ય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ તરફથી રજૂઆત કરવામાં આવેલ હતી. આ બાબતમાં જરૂરી વિચારણા કર્યા બાદ આ વિભાગના તા. ૨૨-૨-૯૯ના ઠરાવથી જે સ્ટાફ પેટર્નનું નવું માળખું ઉભુ કરવામાં આવેલ છે તે નવા માળખા પ્રમાણે ભરવાપાત્ર થતી કુલ જગ્યાઓના ૨૦ ટકા જગ્યાઓ કમી કરવાની એટલે કે નવા માળખા મુજબ શાળામાં વહીવટી કર્મચારીઓની પાંચ જગા મળવાપાત્ર થતી હોય તો તેના ૨૦ ટકા મુજબ એક જગ્યા રદ કરવાની અને તે જ રીતે પાંચ થી વધુ જગ્યા મળવાપાત્ર થતી હોય ત્યાં પાંચમાંથી એકના પ્રમાણમાં વધારાની જગ્યાઓ રદ કરવાની રહેશે અને ત્યાર બાદ નવા માળખા પ્રમાણે મળવાપાત્ર જગ્યા ઉપર બઢતી આપીને જગ્યા ભરવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે. તદનુસાર તા. ૨૨-૨-૯૯ના ઠરાવના નવા માળખા પ્રમાણે તેમજ આ વિભાગના સંદર્ભ-(૩)માં જણાવેલા તા. ૮-૩-૮૨ના ઠરાવમાં કરેલ જોગવાઇઓને ધ્યાનમાં રાખીને કામ કરતા સીનીયર કર્મચારીઓને બઢતી આપીને ભરવી. વર્ગ-૪ના બઢતીપાત્ર કર્મચારીને બઢતી આપ્યા બાદ ખાલી રહેતી જુનીયર કારકુનની જગ્યા ઉપર ફાજલ કર્મચારીને જ નિમણૂક આપવાની રહેશે. ફાજલ કર્મચારી સિવાય બીજી કોઇ રીતે તે જગ્યાઓ ભરી શકાશે નહીં.

<u>શરતો</u> :-

(૧) આ નિર્ણયના અમલવારી માટે કમિશ્નર ઓફ સ્કુલ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આવી કોઈ પણ ભરતીની જગ્યા ભરવા સંમતિ આપે તે પહેલાં જે તે શાળાના વહીવટી માળખાની કુલ જગ્યાની ૨૦ ટકા પ્રમાણે જગ્યા રદ કરતા હુકમો પ્રથમ કરવાના રહેશે અને ત્યાર બાદ જ કમિશ્નર ઓફ સ્કુલ્સ જો ઉપલા સંવર્ગમાં ખાલી જગ્યાઓ ઉપલબ્ધ રહે તો જ ભરતીથી જગા ભરવાની મંજૂરી આપી શકશે.

(૨) શાળાઓને / સંસ્થાઓને વાર્ષિક કે કયા રૂપે ચુકવવાની થતી ગ્રાન્ટ વખતે ઉપર જણાવ્યા મુજબ ૨૦ ટકા મહેકમ કાપની નીતિનો અમલ જે તે શાળાએ કરેલ છે કે કેમ ? તેની ચકાસણી કરી લેવાની રહેશે અને જો તેનો અમલ થયેલો ન જણાય તો કમિશ્નરશ્રી, સ્કુલ્સગ્રાન્ટ કાપ આપવાના કે ગ્રાન્ટ અટકાવવાના પગલાં લઈ શકશે.

(૩) આ ઠરાવ અન્વયે ભરતી આપવા માટે ઉમેદવાર ભરતી અંગે નિયત કરવામાં આવેલ સામાન્ય વહીવટ વિભાગના ઉપર ~~સંદર્ભ (૧) માં જણાવેલ જાહેર~~નામામાં દર્શાવેલ લઘુતમ અનુભવ અને જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તે શાળા કમિશ્નરશ્રીએ જોવાનું રહેશે.

(૪) જો કોઈ સંસ્થા ઉપરોકત શરતોનું પાલન કરશે નહીં અને અન્યથા નિમણૂંક કરશે તો તેવી નિમણૂંકો કોઈપણ સરકારી ગ્રાન્ટના હેતુ માટે અમાન્ય ગણાશે અને આવા કર્મચારીઓની તમામ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

૨/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૭-૧૦-૯૯ની નોંધથી મળેલસંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી.કે.ભટ્ટ
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

➢ ૧. માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
➢ ૨. માન.રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા રોડ, અમદાવાદ
૩. માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. માન. નાયબ મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૬. કમિશ્નરશ્રી, સ્કુલ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૭. બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
૮. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
૧૦.નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
૧૧.નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
➢ ૧૨.રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, અમદાવાદ
➢ ૧૩.રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, અમદાવાદ
૧૪.સબંધિત સરકાર માન્ય સંઘો (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી મારફત)
૧૫.ડી.એસ.ઓ. ફાઈલ
૧૬.સીલેકટ ફાઈલ-ગ શાખા
➢ પત્રથી રવાના